# પૂજ્ય લાલચંદભાઈના પ્રવચનો
# ભેદજ્ઞાન ભજનાવલી આધ્યાત્મિક ભજન ૮૯, ૯૦
# રક્ષાબંધન દિવસ, રાજકોટ
# તા. ૧૯૯૧-૯૨, પ્રવચન LA ૩૬૯

મુમુક્ષુ: આજ સવારે આ લેતા હતા ને? એ તો મુનિ(નું) યાદ આવી ગયું, ચેતના સર્વસ્વ. સર્વસ્વ તો અંદરમાં છે, આ બંધુ અંદરમાં છે. વીરા અંદરમાં છે. આત્મા વીરો છે. આ વીરાથી એ રજા માંગે છે કે હે વીરા! આ શરીરના વીરા. એમ કહે કે આ આત્માને ભેદજ્ઞાન જ્યોતિનો ઉદય થયો છે. એટલે આ આત્મા આજે પોતાના અનાદિ વીરા પાસે, બંધુ પાસે જાય છે. એ રીતે આજે સવારે ભક્તિ લીધી હતી. બહુ સરસ! આત્મા જ વીરા છે આત્મા જ બહેન છે. સ્વાનુભૂતિ રૂપી બહેન છે ને. આત્મા જ પત્ની છે, આત્મા જ પતિ છે.

પૂ. લાલચંદભાઈ: હા બરાબર છે, બધુ કુટુંબ આમાં (આત્મામાં) છે, કુટુંબ આમાં છે.

મુમુક્ષુ: આ બધું લીધું છે કે અનાદિ જનનીની પાસે જઈ રહ્યો છું. અનાદિ જનકની પાસે જઈ રહ્યો છું.

પૂ. લાલચંદભાઈ: બરાબર!

મુમુક્ષુ: આહાહા! એવી રીતે છે ... ને? એટલે એટલા માટે મેં કીધું કે એટલે આ બધાને લાગુ પડે છે. બધાનો ભાઈ અંદર જ છે.

પૂ. લાલચંદભાઈ: બરાબર!

**(ભેદજ્ઞાન ભજનાવલી આધ્યાત્મિક ભજન-૮૯ બહેન ભાઈ સે)**
**ભૈયા મેરે સ્વાનુભૂતિ પ્રકટાના (૩)**
**ભૈયા મેરે પાયા હૈ અવસર સુહાના...... સુહાના....... (૨)**
**ભૈયા મેરે સ્વાનુભૂતિ પ્રકટાના....... ભૈયા મેરે**
**ચિંતામણિ સા જિનવૃષ પાયા, ફિર ભી સેવે વિષય કષાયા ....... (૨)**
**અબ કુછ તો વિવેક કરાના....... કરાના.........**
**ભૈયા મેરે અબ કુછ તો વિવેક કરાના...... કરાના......**
**ભૈયા મેરે સ્વાનુભૂતિ પ્રકટાના ......... ભૈયા મેરે**
**ચેતો અવસર વ્યર્થ ના ખોના, તત્ત્વોં કા સત્ નિર્ણય કરના ....... (૨)**
**ભેદવિજ્ઞાન જગાના....... જગાના**
**ભૈયા મેરે...... ભેદવિજ્ઞાન જગાના....... જગાના**
**ભૈયા મેરે સ્વાનુભૂતિ પ્રકટાના ......... ભૈયા મેરે**
**કર્મ રાગ પર્યાય સે ન્યારા, જ્ઞાયક પ્રભુ અનુપમ સુખકારા ....... (૨)**
**નિજમેં હી દષ્ટિ જમાના......... જમાના.......**

**ભૈયા મેરે નિજમેં હી દષ્ટિ જમાના ......... જમાના .......**
**ભૈયા મેરે સ્વાનુભૂતિ પ્રકટાના ......... ભૈયા મેરે**
**આત્મભાવ હી મુનિસંઘ હૈ, મોહાદિક કો હી બલિ જાનો ....... (૨)**
**દેવે દુ:ખ મનમાના ....... મનમાના .......**
**ભૈયા મેરે દેવે દુ:ખ મનમાના..... મનમાના..........**
**ભૈયા મેરે સ્વાનુભૂતિ પ્રકટાના ......... ભૈયા મેરે**
**મોહાદિકકો દૂર ભગાઓ સમ્યગ્દર્શન કો પ્રગટાઓ ....... (૨)**
**શ્રીગુરુ હૈં વિષ્ણુ સમાના ......... સમાના....**
**ભૈયા મેરે શ્રીગુરુ હૈં વિષ્ણુ સમાના ......... સમાના ....**
**ભૈયા મેરે સ્વાનુભૂતિ પ્રકટાના ......... ભૈયા મેરે**
**સમ્યગ્દર્શન જ્ઞાન સહિત હો, સમ્યક્ ચારિત્ર પૂર્ણ કરન કો ....... (૨)**
**મુનિપદ સહજ ધરાના.... ધરાના...**
**ભૈયા મેરે મુનિપદ સહજ ધરાના.... ધરાના...**
**ભૈયા મેરે સ્વાનુભૂતિ પ્રકટાના ......... ભૈયા મેરે**
**બાહ્ય ઉપસર્ગ નહિ દુખદાતા, વ્યર્થ વિકલ્પોં સે દુખ પાતા ....... (૨)**
**નિર્વિકલ્પ હો જાના...... હો જાના...**
**ભૈયા મેરે નિર્વિકલ્પ હો જાના...... હો જાના...**
**ભૈયા મેરે સ્વાનુભૂતિ પ્રકટાના ......... ભૈયા મેરે**
**જબ તુમ નિજ મેં હી ઠહરોગે, કર્માદિક ખુદ હી ભગ જાવેં ....... (૨)**
**સ્વયં સિધ્ધ પદ પાના........... હા પાના...**
**ભૈયા મેરે સ્વયં સિધ્ધ પદ પાના........... હા પાના...**
**ભૈયા મેરે સ્વાનુભૂતિ પ્રકટાના ......... ભૈયા મેરે**
**પાયા હૈ અવસર સુહાના...... સુહાના.......**
**ભૈયા મેરે સ્વાનુભૂતિ પ્રકટાના....... (૨)**

પૂ. લાલચંદભાઈ: બહેન રાખડી બાંધે છે આ. સ્વાનુભૂતિ પ્રગટ કરો એ અમારી રાખડી છે.

મુમુક્ષુ: અને ભાઈ પણ સમજદાર છે. ભાઈ પણ સમજદાર છે. એ બહેનને કહે છે. આગળ ભાઈ બહેનને કહે છે.

પૂ. લાલચંદભાઈ: એમ? પહેલા બહેને ભાઈને કીધું?

મુમુક્ષુ: હા! પહલા બહેન ભાઈને કહે છે, પછી ભાઈ બહેનને કહે છે.

પૂ. લાલચંદભાઈ: એ સારું. હા **બહિન સે** બરાબર! **બહિન સે**, **બહેન સે** કહે છે.

મુમુક્ષુ: બહેન એમ કહતી હોય ને કે મારી રક્ષા કરજો. તો ભાઈ એમ કહે છે કેવી રક્ષા? એમ.

પૂ. લાલચંદભાઈ: કેવી રક્ષા? હા ઠીક! હા એમ. બહુ સરસ છે.

**(ભેદજ્ઞાન ભજનાવલી આધ્યાત્મિક ભજન-૯૦ રક્ષાબંધન, ભાઈ બહિન સે)**
**કૈસા બંધન? કૈસી રક્ષા? વ્યર્થ વિકલ્પ કરે રે।**
**હૂં ત્રિકાલ નિર્બંધ સુરક્ષિત અંતર્દષ્ટિ લખે રે॥**

પૂ. લાલચંદભાઈ: આહાહા! બહુ સરસ!

મુમુક્ષુ: હું તો ત્રિકાળ નિર્બંધ જ છું. સુરક્ષિત જ છું. પછી બંધન અને રક્ષાના વિકલ્પ કેમ કરું? નહિ કરવાનું.

**કૈસા બંધન? કૈસી રક્ષા? વ્યર્થ વિકલ્પ કરે રે।**
**હૂં ત્રિકાલ નિર્બંધ સુરક્ષિત અંતર્દષ્ટિ લખે રે॥**
**દો દ્રવ્યોંકી સત્તા ન્યારી કૈસે બંધન હોવે?**

પૂ. લાલચંદભાઈ: બહુ સરસ!

મુમુક્ષુ: સત્તા તો ન્યારી, બંધન કેવી રીતે થાય?

પૂ. લાલચંદભાઈ: પછી ક્યાંથી બંધન થાય?

**એક ક્ષેત્ર અવગાહી હોને પર ભી એક નહિ હૈ॥**
**નિમિત્ત-નૈમિત્તિક દિખને પર ભી કર્તાકર્મ નહિ હૈ।**

પૂ. લાલચંદભાઈ: આ જ ભૂલ થઈ છે. જીવની ભૂલ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ દેખીને કર્તા-કર્મ માની લીધું.

મુમુક્ષુ: નિમિત્ત-નૈમિત્તિક હોવા છતાં કર્તા-કર્મ નથી.

પૂ. લાલચંદભાઈ: એવી રીતે જ્ઞાતા-જ્ઞેયનો વ્યવહાર હોવા છતાં જ્ઞાતા-જ્ઞેય નથી.

મુમુક્ષુ: જ્ઞાતા-જ્ઞેય નથી. બસ! બહુ સરસ! વ્યવહાર હોવા છતાં આ નિશ્ચય નથી. આમ નથી.

પૂ. લાલચંદભાઈ: જેમ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોવાં છતાં કર્તા-કર્મનો અભાવ છે. એમ જ્ઞાતા-જ્ઞેયનો વ્યવહાર હોવા છતાં પણ જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ .... નથી. આપણે એક ન્યાયમાં આવ્યું છે, હમણાં જ વાંચ્યું એ, થોડોક વખત પહેલા, પણ બહુ ઘૂટયું અમે. આ જે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તો તમને દેખાશે છતાં કર્તા-કર્મની ભ્રાંતિ થાય છે, સાંભળજો, ભ્રાંતિ થઇ ગઇ છે. એમ જ્ઞાતા-જ્ઞેયના વ્યવહાર તો છે, ટાળયો ટળે એમ નથી, વ્યવહાર તો છે. પણ જેમ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ દેખીને કર્તા-કર્મની ભ્રાંતિ થઇ ગઇ, એમ જ્ઞાતા-જ્ઞેયનું સંબંધ દેખીને એની સાથે એકતા થઇ ગઈ. એ જાણે જ્ઞેય છે અને હું એનો જ્ઞાતા છું, જ્ઞેય-જ્ઞાયકનો સંબંધ, એમાં એકતા થઇ ગઈ.

મુમુક્ષુ: સાચી વાત છે એકદમ.

પૂ. લાલચંદભાઈ: નિમિત્ત, સાંભળજો! નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જગતના બધા પદાર્થો વચ્ચે ચાલ્યા જ કરે છે. એ કઇં ખૂટવાનું નથી અને સમાપ્ત થવાનું નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કોઇ કાળે સમાપ્ત થવાનું નથી. બે દ્રવ્યની પર્યાય વચ્ચે સંબંધ થઈને નિમિત્ત-નૈમિત્તિક સંબંધરૂપે તો સ્વતંત્રપણે પરિણમે છે. ઉપાદાન અને નિમિત્ત બન્ને સ્વતંત્રપણે પરિણમે છે. પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ દેખીને, આણે આનું કર્યું, અને આણે આનું કર્યું, એવી રીતે ભ્રાંતિ થઇ છે. કાંઇ વાતમાં માલ

નથી હો! એક પૈસો પણ સાચું નથી એમાં. એમ જ્ઞાતા-જ્ઞેયનો વ્યવહાર છોડી દે. હું જ્ઞાતા અને આ જ્ઞેય, હું પરને જાણનારો છું, હું પરનો જાણનારો છું એવી ભ્રાંતિ થઇ ગઈ છે.

મુમુક્ષુ: એવી ભ્રાંતિ થઇ ગઈ.

પૂ. લાલચંદભાઈ: એમાં લખે છે કે જ્ઞાતા-જ્ઞેયનો વ્યવહાર રહ્યો છે, શબ્દ છે વ્યવહાર તો રહ્યો છે. જેમ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જગતના પદાર્થો (વચ્ચે) આપણે ટાળી ન શકીએ. આપણે આપણું કરી દઈએ પણ જગતને કેવી રીતે સુધારી આપણે શકીએ? એ કેવી રીતે આપણે ટાળી શકીએ? એમ કહે છે તેવી રીતે ન્યાયમાં કે જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ રહ્યો છે. હવે એ જે જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ રહ્યો છે એવી જ વાત ૩૧ ગાથામાં છે, સમજી ગયા? છે સંબંધ. અને સેટિકામાં પણ એ સંબંધ લીધો, વ્યવહાર. પણ એ વ્યવહાર સાચો લાગ્યો કે આત્મા પરને જાણે છે (એ નાશ થઈ ગયો આત્માનો).

મુમુક્ષુ: એ નાશ થઇ ગયો આત્માનો.

પૂ. લાલચંદભાઈ: જ્ઞાતા-જ્ઞેયનો વ્યવહાર સંબંધ જોઈને જો એ નિશ્ચય ભાસ્યો, એમ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ દેખીને જો કર્તા-કર્મ ભાસ થયો, તો અજ્ઞાન છે, એવી જ રીતે. અને આ જે છે, જ્ઞાતા-જ્ઞેયનો વ્યવહાર, એ પણ અનિવાર્ય છે, એ કોઈ સંજોગોમાં તમે જ્ઞાતા-જ્ઞેયનો વ્યવહારને ટાળી ન શકો, પણ મિથ્યાબુધ્ધિ ટાળી શકો! તમે પરના પ્રતિભાસને કેમ રોકી શકો? પણ પ્રતિભાસ દેખીને હું પરને જાણું છું, એ ટાળી શકો. કે 'નહિ, એ મને જણાતું જ નથી'. પણ આનો પ્રતિભાસ ચોક્કસ થાય છે, પ્રતિભાસ ટાળવો નથી, સમજી ગયા? પણ મને આ જણાતું નથી, અને જાણનાર જણાય છે. અંદરમાં આવી જવાય છે. જ્ઞાતા-જ્ઞેયનો વ્યવહાર જાણીને જેમ નિશ્ચય થઇ ગયો, એમ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ દેખીને કર્તા-કર્મની ભ્રાંતિ થઇ. એમ આમાં આને જ્ઞાતા-જ્ઞેયને જોઈને 'હું જ્ઞેયને જાણું છું', એ ભ્રાંતિ થઇ.

એ જે લખ્યું છે ૨૭૧ (કળશ) માં, તે સાચું છે. ભ્રાંતિ થવાનું પણ કારણ છે, કર્તા-કર્મની ભ્રાંતિ થવાનું પણ કારણ છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી એને કર્તા-કર્મની ભ્રાંતિ થાય. એમ જ્ઞાતા-જ્ઞેયનો વ્યવહાર છે તો ભ્રાંતિ થાય. જો જ્ઞાતા-જ્ઞેયનો વ્યવહાર જ ન હોય...

મુમુક્ષુ: તો ભ્રાંતિ કેવી રીતે થાય? બિલકુલ સાચી વાત છે.

પૂ. લાલચંદભાઈ: ચાલો! આ તો નિમિત્ત-નૈમિત્તિક આવ્યું ને, એટલે મે તેમાં, જ્ઞાતા-જ્ઞેયમાં ઉતાર્યું.

**ભેદજ્ઞાન દૃષ્ટિ સે ચેતન સબસે ભિન્ન દિખે રે ॥૧॥**

પૂ. લાલચંદભાઈ: સબસે ભિન્ન!

**ભેદજ્ઞાન દષ્ટિ સે ચેતન સબસે ભિન્ન દિખે રે ॥૧॥**

**હૂં ત્રિકાલ નિર્બંધ સુરક્ષિત અંતર્દષ્ટિ લખે રે॥**

**અહંકાર મમકાર ધાર પર મેં રાગાદિક ઠાને।**

**યે હી વ્યવહારિક બંધન પર્યાય માત્ર મેં જાને ॥**

મુમુક્ષુ: એટલે એમ કહે છે ઓલું બંધન તો બંધન નથી, છે જ નહિ. વ્યવહારિક બંધન આ છે અને એ પણ પર્યાય માત્રમાં છે. બહુ સરસ!

પૂ. લાલચંદભાઈ: ફરીથી. અહંકારનો!

**અહંકાર મમકાર ધાર પર મેં રાગાદિક ઠાને।**

**યે હી વ્યવહારિક બંધન પર્યાય માત્ર મેં જાને॥**

પૂ. લાલચંદભાઈ: આવો વ્યાવહારિક બંધ પણ પર્યાયમાં થાય છે, દ્રવ્યમાં તો થતો જ નથી.

મુમુક્ષુ: થતો જ નથી. બહુ સરસ!

પૂ. લાલચંદભાઈ: બહુ સરસ! દ્રવ્યને જુદો જ પાડી દીધો આખો.

મુમુક્ષુ: એકદમ.

**પર પર્યાય સે ભી હૈ ન્યારા જ્ઞાનમાત્ર શુદ્ધાતમ્।**

**સમયસાર અવિકારી અનુપમ, હૈ શાશ્વત પરમાતમ્॥**

**શુદ્ધનય દ્વારા શ્રીગુરુ જિસકા કિંચિત્ ભાવ કહે રે ॥૨॥**

**હૂં ત્રિકાલ નિર્બંધ સુરક્ષિત અંતર્દૃષ્ટિ લખે રે॥**

પૂ. લાલચંદભાઈ: ગુરુ શુદ્ધાત્માનું સ્વરૂપ કિંચિત્ ભાવ કહે છે. બાકી તો કહી શકાય નહિ. શુદ્ધનય દ્વારા એટલું કહી શકાય.

મુમુક્ષુ: બહુ સરસ! એકદમ સરસ!

પૂ. લાલચંદભાઈ: જોયું સરસ છે! **શુદ્ધનય દ્વારા શ્રીગુરુ જિસકા કિંચિત્ ભાવ કહે રે.**

શુદ્ધનય દ્વારા થોડું કહેવાય છે, બાકી તો અનુભવગમ્ય છે. શુદ્ધનયગમ્ય નથી, જ્ઞાનગમ્ય છે. શુદ્ધનય દ્વારા કહેવાય છે, શુદ્ધનય દ્વારા અનુભવાય છે એમ લખ્યું નથી.

મુમુક્ષુ: થોડું કહેવાય છે, થોડું કહેવાય.

પૂ. લાલચંદભાઈ: વિકલ્પાત્મક શુદ્ધનય.

મુમુક્ષુ: બહુ સરસ છે હો!

પૂ. લાલચંદભાઈ: બહુ સરસ!

**પર પર્યાય સે ભી હૈ ન્યારા જ્ઞાનમાત્ર શુદ્ધાતમ્।**

**સમયસાર અવિકારી અનુપમ, હૈ શાશ્વત પરમાતમ્॥**

**શુદ્ધનય દ્વારા શ્રીગુરુ જિસકા કિંચિત્ ભાવ કહેં રે ॥૨॥**

પૂ. લાલચંદભાઈ: જો વ્યવહારને કાઢી નાખ્યો સાવ, કેમકે વ્યવહાર દ્વારા શુદ્ધાત્માનું સ્વરૂપ કહી શકાતું નથી, અને એ કહતું જ નથી, એની તાકાત જ નથી! વ્યવહારનય મિથ્યા પ્રરૂપણ કરે છે. નિશ્ચય, શુદ્ધનય જ સાચું પ્રરૂપણ કરે છે. **અભેદ અને અનુપચાર જેનું લક્ષણ છે તે** (દેવસેન આચાર્ય કૃત નયચક્ર, પાનું ૩૧).

**જિસકા જીવન-મરણ નહિ હૈ નહિ વેદના કોઈ।**

**હૈ અભેદ સ્વગુપ્ત સદા હી અસુરક્ષા નહિ કોઈ॥**

**જિસકા જીવન-મરણ નહિ હૈ નહિ વેદના કોઈ।**

**હૈ અભેદ સ્વગુપ્ત સદા હી અસુરક્ષા નહિ કોઈ॥**

**આત્મન્ તેરા અક્ષુણ વૈભવ બઢે કદા હી।**

**એકરૂપ ચૈતન્ય રત્નાકર રહતા અચલ સદા હી॥**

**અંતર સુખસાગર લહરાવે ફિર ક્યોં દુખ સહે રે. ॥૩॥**

પૂ. લાલચંદભાઈ: આહાહા! સરસ વાત છે.

મુમુક્ષુ: એકાંત સુખ સાગર છે.

**અંતર સુખસાગર લહરાવે ફિર ક્યોં દુખ સહે રે?॥૩॥**

**હૂં ત્રિકાલ નિર્બંધ સુરક્ષિત અંતર્દષ્ટિ લખે રે॥**

**તેરે મેં કુછ ભી નહિ હોતા, પર્યાયે હૈ ક્રમવર્તી।**

**સદા નિરંતર હોતી રહતી રહટ ઘડી જ્યોં ચલતી॥**

મુમુક્ષુ: ઓલું રહટ (ટીક-ટીક) ઘડીયાર નથી ચાલતી? રહટ ચાલે ને, એવી રીતે. અને પાછું,

**તેરે મેં કુછ ભી નહિ હોતા, પર્યાયે હૈ ક્રમવર્તી।**

**સદા નિરંતર હોતી રહતી રહટ ઘડી જ્યોં ચલતી॥**

પૂ. લાલચંદભાઈ: તારામાં કાંઈ થાતું નથી. પર્યાયમાં થાય છે બધું અને તું એમ માનસ કે મારામાં થાય છે, એ તારી ભૂલ છે. બહુ સરસ ભજન છે હો! બહુ સરસ ભજન છે! એટલે મને તો .. આહાહા! સમયસાર ભરી દીધું છે. પર્યાયમાં બધું થાય છે, સ્વીકાર કર્યો પણ આત્મામાં તો ( કાંઈ થતું નથી).

મુમુક્ષુ: મારામાં કાંઈ થતું નથી.

પૂ. લાલચંદભાઈ: એમ તું જાણ. પર્યાયમાં થતું દેખીને મારામાં થાય છે, એ ભૂલ થઈ ગઈ છે. આહાહા! પર્યાય પરને જાણે છે એમ દેખીને ભ્રાંતિ થઈ છે કે હું જાણું છું. આપણે તો એમાં જ ઉતારવાનું.

મુમુક્ષુ: હા! એમાં જ. બરાબર છે. તે આવ્યું છે ને, ૨૫૮ કળશમાં તે જ આવ્યું છે. જ્ઞાનની પર્યાય પરને જાણે છે અને એ પર્યાય માત્રને જ પોતાની વસ્તુ માને છે.

પૂ. લાલચંદભાઈ: વસ્તુ માને છે, બરાબર. થાય છે બધું આ નાટક પર્યાયમાં, માને છે મારામાં થાય છે. એમ કરવાનું, નિમિત્ત-નૈમિત્તિક, જાણવાનું, બધું પર્યાયમાં ખેલ થાય છે. આ ખરેખર ગુરુદેવ ના મળ્યા હોત તો આ દ્રવ્ય-પર્યાય વચ્ચેનો ભેદજ્ઞાન બાહર ના આવત. દ્રવ્યથી પર્યાય સર્વથા ભિન્ન છે, બહેન, સમર્થ પુરુષ સિવાય કહી શકાઈ નહિ. શાસ્ત્રમાં હતું પણ કહી શકે નહિ. કોઈ કહી શકે નહિ, કોઇની તાકાત નથી. પર્યાય દ્રવ્યને અડતી નથી. નવતત્ત્વ સર્વથા ભિન્ન છે. કોણ કહે? તાકાત કોની છે? આહાહા! એક કુંદકુંદ ભગવાન સિવાય કોઈ કહી શકે નહિ કે આત્મા પોતાને જાણવાનું છોડતો નથી અને .. જાણીને પરને **ગ્રહવા જતો નથી** (સમયસાર ગાથા ૩૭૩-૩૮૨). એક કુંદકુંદની દેન છે આ. ચાલો!

**અનહોની હોવે નહિ કબહૂઁ, હોની હી હોતી હૈ।**

**મિલે પંચસમવાય સ્વયમ્ હી, કભી નહિ ટલતી હૈ॥**

પૂ. લાલચંદભાઈ: થવા યોગ્ય થાયા કરે છે બધું.

મુમુક્ષુ: ન થવા યોગ્ય કોઈ દિવસ થાતું નથી. બરોબર!

**છોડ સભી ચિન્તા આકુલતા પર્યાય દષ્ટિ તજે રે॥૪॥**

**હૂં ત્રિકાલ નિર્બંધ સુરક્ષિત અંતર્દષ્ટિ લખે રે॥**

**હૈ પર્યાયોં પર દૃષ્ટિ જબ, તબ સુખ કેસે પાવે।**

**હોતે રહતે ભાવ વિકારી, ભવમેં હી ભરમાવે॥**

મુમુક્ષુ: પર્યાય ઉપર નજર ગઈ તો?

પૂ. લાલચંદભાઈ: ખલાસ!

મુમુક્ષુ: પર્યાયમાં વિકારી જ ભાવ થાય.

**હોનહાર પર ઉનકો છોડો, દ્રવ્ય-દૃષ્ટિ પ્રગટાવે!**

મુમુક્ષુ: થવા યોગ્ય થાય છે, જાણનારો જણાય છે.

પૂ. લાલચંદભાઈ: વાહ! વાહ! થવા યોગ્ય થાય છે, જાણનારો જણાય છે.

મુમુક્ષુ: એને છોડી, **પર ઉનકો છોડો**.

પૂ. લાલચંદભાઈ: થવા યોગ્ય થાય છે એના ઉપર પણ લક્ષ રાખો માં (નહિ). એમ લખ્યું, હો!

મુમુક્ષુ: **હોનહાર પર ઉનકો છોડો,**

પૂ. લાલચંદભાઈ: **છોડો**, થવા યોગ્ય થાય છે, છોડી દે એના ઉપર, એની સામે શું કામ જોશ? કર્તાબુધ્ધિ છૂટી શું અને અકર્તામાં આવ્યો શું!

મુમુક્ષુ: બહુ સરસ! બહુત સરસ.

પૂ. લાલચંદભાઈ: બહુ સરસ! બહુ સરસ!

**હોનહાર પર ઉનકો છોડ, દ્રવ્ય-દૃષ્ટિ પ્રગટાવે!**

**પર્યાયે ભી નિર્મલ હોવે, આનંદ ઉર ના સમાવે॥**

**ધ્યાન રહે સ્વચ્છંદ ન હોના શ્રી ગુરુ યહી કહે રે॥૫॥**

**હૂં ત્રિકાલ નિર્બંધ સુરક્ષિત અંતર્દષ્ટિ લખે રે॥**

**રક્ષાબંધન પર્વ યહી મંગલ સંદેશ સુનાવે!**

**બાહ્ય પ્રસંગો સે નિરપેક્ષિત જ્ઞાની ધ્યાન લગાવેં॥**

પૂ. લાલચંદભાઈ: કાંઈ સંબંધ નથી, હો, પરની સાથે કાંઈ સંબંધ નથી.

મુમુક્ષુ: બિલકુલ નહિ હો!

પૂ. લાલચંદભાઈ: નિરપેક્ષ શબ્દ એવું વજની છે, બધો છૂટી જાય. બધુ નિરપેક્ષ જ છે, સત્ છે ને! સત્ હોય તે નિરપેક્ષ જ હોય.

**રક્ષાબંધન પર્વ યહી મંગલ સંદેશ સુનાવે!**

**બાહ્ય પ્રસંગો સે નિરપેક્ષિત જ્ઞાની ધ્યાન લગાવે॥**

**મૈં અવિનાશી પરમાનંદમય દઢ પ્રતીતિ ઉર ધારો।**

**ઉસે નહિ કિંચિત્ ભય હોવે મોહાદિક રિપુ જારે॥**

**ઐસા મંગલ પર્વ મનાવે શિવપદ સહજ લહે રે॥૬॥**

**હૂં ત્રિકાલ નિર્બંધ સુરક્ષિત અંતર્દષ્ટિ લખે રે॥**

મુમુક્ષુ: હવે બહેનને કહે છે.

**બહિન! ન મેરી ઓર લખો અબ અપની ઓર નિહારો।**
**સ્ત્રીરૂપ નહિ હૈ તેરા ચેતનરૂપ સંભારો ॥**

પૂ. લાલચંદભાઈ: ભાઈ બહેનને કહે છે.

**મંગલમય પ્રભુતા મત વિસરો નહિ દીનતા ધારો।**
**યે વિશુદ્ધ બંધન ભી તોડો મુક્તિમાર્ગ પદ ધારો॥**

પૂ. લાલચંદભાઈ: વાહ! વાહ! બહુ સરસ છે. બન્નેનો સંવાદ સારો છે.

**કોઈ ભય ન વિકલ્પ સતાવે, નિજ આશ્રય જુ ગહે રે॥૭॥**

પૂ. લાલચંદભાઈ: પોતાનો આશ્રય કરે તો કોઈ વિકલ્પ જ ઉત્પન્ન થતો નથી.

**હૂં ત્રિકાલ નિર્બંધ સુરક્ષિત અંતર્દષ્ટિ લખે રે॥**
**કૈસા બંધન? કૈસી રક્ષા? વ્યર્થ વિકલ્પ કરે રે।**
**હૂં ત્રિકાલ નિર્બંધ સુરક્ષિત અંતર્દષ્ટિ લખે રે॥**

પૂ. લાલચંદભાઈ: બહુ સરસ, બન્ને ભજન સારા, હો! બહુ સારા. એકલું તાત્ત્વિક ભર્યું છે. પર્યાયમાં બધું થાય છે, દ્રવ્યમાં થતું નથી. પછી કહે છે, ગુરુ ચેતવે છે, હો! સ્વચ્છંદી થઈશ મા (નહિ), એ પણ કહી દીધું, એમ. પર્યાયમાં થાય છે, એમ રાખજે, મારામાં થતું નથી એ જાણજે, એમ. મારામાં (દ્રવ્યમાં) થતું નથી એમ જાણે. અને પર્યાયમાં પણ રાગ થતો નથી, એ રહવા દેજે. એમ નહિ! એ તો ભેદ ... વ્યવસ્થિત છે. આત્માર્થી જીવ કાંઇ ભૂલો પડે એમ નથી. પણ છતાં એ ચેતાવે બધાને, એ સાચી વાત છે કારણ કે આ તો સમષ્ટિગત છે ને, વ્યક્તિગત નથી.